# રૂપાલમાં હાર્દિકે વિકાસના મુદ્દે ભાજપને આડે હાથ લીધી...!

## વિકાસ માત્ર નામ છે, બાકી વિકાસ હજુ સરખી રીતે જન્મ્યો પણ નથી : હાર્દિક પટેલ

ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં આજે હાર્દિક પટેલની 'ઐતિહાસિક પરિવર્તન સભા' યોજાઈ હતી. આ જાહેર સભામાં હાર્દિક પટેલે વિકાસના મુદ્દે ભાજપને આડે હાથ લઈ લધી હતી. વિકાસ માત્ર નામ છે, બાકી વિકાસ હજુ સરખી રીતે જન્મ્યો પણ નથી કહીને કહેવાતા વિકાસ પર વાકબાણ ચલાવ્યા હતા. પાટીદારોના ગામોની વચ્ચે થયેલી હાર્દિકની આ સભામાં શ્રોતાઓની હાજરી પણ ચર્ચાનો વિષય બની હતી. હજારો અને લાખોની સંખ્યામાં જેની સભામાં સમર્થકોના ટોળા ઉતરે છે તે જ હાર્દિકની રૂપાલની સભામાં માત્ર બે-ચાર હજાર સમર્થકોની હાજરી ગાંધીનગર-ઉત્તરની બેઠકનું ચુંટણી પરિણામ રસપ્રદ રહેશે તેની ચાડી ખાય છે...!

રૂપાલ ગામની હાર્દિક પટેલની સભા દોઢેક કલાક મોડી શરુ થઈ હતી. હાર્દિક પટેલે આ સભામાં ૧૭ મિનિટમાં પોતાનું ભાષણ પુર્ણ કરી દીધું હતું. જો કે ૧૭ મિનિટમાં પણ કચકચાવીને અસરકારક ભાષણ કર્યુ હતું. તેણે વિકાસ હજુ જન્મ્યો પણ ન હોવાનું કહીને ઉમેર્યુ હતું કે ગુજરાતમાં વિકાસ થયો હોત તો સરકારી હોસ્પિટલો વધી હોત, સરકારી શાળા-કોલેજો વધી હોત, ખેડૂતો આત્મહત્યા ન કરતા હોત, વિકાસ થયો હોત તો ગૃહીણી પાસે મહિને બજેટમાં રૂ. ૫૦૦ બચત હોત...! યુવાનોને નોકરીઓ મળતી હોત...! વિકાસના મુદ્દે આક્રમક પ્રહાર કર્યા બાદ હાર્દિકે ગાંધીનગરને ઉદ્દેશીને કહ્યું હતું કે બેરોજગારી ના હોત તો ગાંધીનગર અને ગામડાઓમાં યુવાનો ગેરમાર્ગે દોરાઈને જુગાર અને સટ્ટાના રવાડે ન ચઢયા હોત...! આકરા પ્રહારો બાદ હાર્દિકે સભામાં ૧૮૨ ધારાસભ્યો અને પ્રધાનમંત્રીને પણ ઝાટકી નાંખ્યા હતા. વિકાસની વાતો કરવાને બદલે સાહેબ હિન્દુ-મુસ્લિમ અને આતંકવાદ-પાકિસ્તાનની વાતો કરી ગેરમાર્ગે દોરે છે. લોકોને સાહેબ ગેરમાર્ગે દોરે છે કેમ કે જનતા હજુ જાગૃત થઈ નથી. સાહેબને જુઠ્ઠુ બોલવાની આદત પડી ગઈ છે અને આપણને જુઠ્ઠુ સાંભળવાની...! ભાજપને હરાવવા કે કોંગ્રેસને જીતાડવા નહી પરંતુ જનતાનો પાવર બતાડી દેવા આ વખતે પાડી દેવાના છે. તેમ કહી હાર્દિકે ઉમેર્યુ હતું કે વિકાસ તો લંકામાં પણ હતો. સોનાની આખી લંકા અહંકાર અને ઘમંડને કારણે સળગીને ખાખ થઈ ગઈ હતી..! હાર્દિકની સભામાં સમર્થકોની હાજરી સુચક રહી હતી. પાટીદારોના કહેવાતા આ ગામોની વચ્ચે યોજાયેલી સભામાં બે-ચાર હજાર સમર્થકો જ જોડાયા તે બાબત મતદારોના મતને કળી શકવાની અસમર્થતા દર્શાવે છે...!





# ભાજપનો ભવ્ય રોડ શો, ૧ હજાર બાઈકચાલકોએ શહેર ધમરોળ્યુ

## ડી જેની સુરાવલી વચ્ચે બાઇક ચાલકો ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો કાર સહીતના વાહનો સાથે મોટી સંખ્યમાં જોડાયા :ભાજપના કાર્યકરોએ પ્રચાર કર્યો તમામ સેકટરોમાં રોડ શો યોજાયો : પેથાપુરમાં પુર્ણાહુતિ થઇ

ગાંધીનગર તા ૧૨ ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આજે પ્રચાર પડઘમ શાંત થયા હતા. બીજા તબક્કાને અનુલક્ષી આગામી તા ૧૪ ડિસેમ્બરના રોજ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે આ પુર્વે આજે પ્રચારના અંતિમ દિવસે રાજકીય પક્ષો દ્વારા ભવ્ય રોડ શો અને રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષી ભાજપના ઉમેદવાર અશોક પટેલને જીત અપાવવા માટે પણ શહેરમાં રોડ શો યોજવામાં આવ્યો હતો. સવારે ૯ કલાકે સે-૧ સ્થિત તળાવ પાસેથી રોડ શો ની શરૂઆત કરવામાં આવી હતી. આ રોડ શો માં બોલીવુડની અભિનેત્રી અવની મોદી, ગાંધીનગરના કલાકાર જનક ઠક્કર તેમજ સાંસદ અન અભિનેતા પરેશ રાવલ પણ જોડાયા હતા. શહેરમાં ભવ્ય રોડ શો દરમિયાન સેકટરોમાં ભાજપના ઉમેદવારે પોતાને બહુમત આપવા માટે પ્રચાર કર્યો હતો.રૂટ ઈન્ચાર્જ ઉરેન પટેલની આગેવાની હેઠળ ભવ્ય રોડ શોમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. હાથમાં કમળના ચિન્હવાળો ભાજપનો ફલેગ લઈને સેકટરોમાં ધમાકેદાર પ્રચાર કરવામાં આવ્યો હતો. આ ભવ્ય રોડ શોમાં ૧ હજાર જેટલા બાઈક ચાલકો પણ જોડાયા હતા. જયારે ૧૦૦ થી વધુ કાર પણ જોડાઈ હતી. રોડ શો દરમિયાન ભાજપ જિન્દાબાદના નારા લગાવતા યુવાનોએ સેકટરોમાં ભાજપનો પ્રચાર કર્યો હતો.




# ગાંધીનગરમાં વિકાસના કોઈ ફળ ચાખવા મળ્યા નથી : સી.જે. ચાવડા

ગાંધીનગર, તા. ૧૨ ભાજપ દ્વારા ગાંધીનગરમાં સત્તાનો અડીંગો ચાલુ રાખવા માટે વિકાસના નામે શરૂ કરાયેલી યાત્રા પાટનગરમાં જ ફસકી પડીને ક્યારેય ગરીબ અને સામાન્ય માનવી સુધી પહોંચી નથી. મોંઘવારી, બેકારી અને ભ્રષ્ટાચારથી ત્રાહિમામ પોકારી ઉઠેલી પ્રજાના અવાજને વાચા આપતા ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું છે કે, જુઠ્ઠાણા, ભ્રામક પ્રચારથી છેતરપીંડી અને અહંકારની રાજનીતિ ઉપર સમાજના દરેક વર્ગને અન્યાય કરી દમન ગુજારનાર ભાજપનો પરાજય નક્કી થઈ ગયો છે. ત્યારે ગુજરાતની પ્રજાએ પણ પરિવર્તન કરવા માટે સંકલ્પ લઈ નવસર્જનનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગરમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરની જાહેરસભાથી કોંગ્રેસ તરફી માહોલમાં વધુ તાકાત મળી છે. આ સભાને જોરદાર સફળતાના કારણે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસી કાર્યકરોનો વિજય ઉત્સાહ અનેક ગણો વધી ગયો છે. ત્યારે આ સભાથી સરકાર સામેનો આક્રોશ કોંગ્રેસ તરફી મતોમાં પરિવર્તિત થવાનો વિશ્વાસ ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ વ્યક્ત કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યુ છે કે ભાજપ દ્વારા વાયબ્રંટ ગાંધીનગર થઈ દિલ્હીની ગાદી મેળવવા માટે વિકાસ યાત્રાની ગુલબાંગો પોકારવામાં આવી હતી. પરંતુ ગુજરાત વિધાનસભાની આ ચૂંટણીએ વાસ્તવમાં ગુજરાત મોડેલ નહિ હોવાનુ પુરવાર કર્યુ છે. ભય, ભૂખ અને ભ્રષ્ટાચારના સૂત્રથી ગુજરાતમાં સત્તા મેળવનાર ભાજપ સરકાર માટે જ આ સૂત્ર એકદમ ફીટ થઈ ગયુ છે.

ડૉ. સી.જે. ચાવડાએ કહ્યું કે રાજયના પાટનગમાં જે કોઈ વિકાસના બદલે વિનાશ અને અધોગતિનો અનુભવ નાગરિકોને થતો હોય ત્યારે અન્ય પ્રજાએ રાખેલી તમામ આશાઓ ઠગારી નીવડી છે. ગાંધીનગરમાં જ ગાંડા થયેલા વિકાસના કોઈ ફળ ચાખવા મળ્યા નથી. જયારે સત્તાના મદમાં ભ્રષ્ટાચાર અને માનીતા ઉદ્યોગપતિઓ સાથે મળતીયાઓને જ પાટનગરમાં સર્વસ્વ અર્પણ કરનાર ભાજપમાં સત્તાનો અહંકાર આવી ગયો છે. ગાંધીનગરની પ્રજાને પણ મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટ શાસનના ભોગ બનીને સામાન્ય કામકાજ માટે પણ વર્ષો સુધી ભટકવુ પડ્યું છે. ઉત્સવો અને મેળાના નામે મળતીયાઓનો જલસો અને હક્કદારને ઠેંગો બતાવનાર ભાજપ સરકારે સત્તાના ઘમંડમાં ક્યારેય સામાન્ય માનવી તરફ જોયું નથી. ચૂંટણીના થોડા સમય પહેલા જ ગાંધીનગરમાં આંદોલન અને સત્યાગ્રહ શરૂ થતા ૨૦ દિવસમાં ૨૦ પોકળ જાહેરાતો કરનાર ભાજપને પાંચ વર્ષમાં આશાવર્કરો, ફિક્સ પગારદારો, રોજમદારો અને શિક્ષિત બેરોજગારો કેમ યાદ ના આવ્યા ? તેમને લઘુત્તમ વેતન જેટલો પણ પગાર કેમ ના આપ્યો. પોતાની સાચી વાત કે રજૂઆત માટે આવનાર ઉપર દમન કેટલુ યોગ્ય હતુ ? પ્રજાની આશા-અપેક્ષાઓ નહિ સંતોષનાર ભાજપના શાસનમાં થયેલા આવા કેટલા અત્યાચારનો પ્રજા ૧૪ ડિસેમ્બરે કોંગ્રેસ તરફી ભારે મતદાન કરી જવાબ આપશે એમ ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું.




